# ટેક્સ ઑડિટર

ટેક્સ ઑડિટર એ સુનિશ્ચિત કરે છે કે કરદાતાના નાણાકીય રેકોર્ડ કાયદાની જોગવાઈઓ અનુસાર હોય.



## વ્યક્તિગત નિપુણતા

- તમે ગણિત વિષયમાં સારા છો
- તમે નેતૃત્ત્વનો ગુણ ધરાવો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે

ફી

**આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૭,૦૦૦ થી ૫,૦૦,૦૦૦* જેટલી હોય છે.**

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. કોઈપણ વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો. ત્યારબાદ, યુ.પી.એસ.સી.ની પરીક્ષા આપો અને ભારતીય મહેસૂલ સેવા (IRS) માટે લાયક બનો.

**અથવા**

૩. એકાઉન્ટન્સી / બિઝનેસ / અર્થશાસ્ત્ર / ફાઇનાન્સ

**અથવા**

કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી પૂર્ણ કરો, સંબંધિત પ્રમાણપત્ર મેળવો (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ/ધ ઈન્સ્ટિટ્યુટ ઑફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા/કંપની સેક્રેટરી/સર્ટિફાઇડ ઈન્ફર્મેશન સિસ્ટમ્સ ઑડિટર વગેરે.)

**અથવા**

સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા પછી સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક ઑડિટરનો અંદાજીત પગાર મહિને આશરે **રૂ. ૧૩,૦૦૦ થી ૮૫,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય શકે છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Auditor/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ્સ અને નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ એકમો

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતુ નથી. સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો ભાગ નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઓડિટ ક્લાર્ક → ઑડિટર → એક્ઝિક્યુટિવ ઑડિટર → સિનિયર એક્ઝિક્યુટિવ ઑડિટર → મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્બિટ્રેટર, ઈન્ટરનલ ઑડિટર, એક્સટર્નલ ઑડિટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગોંડવાના યુનિવર્સિટી, ગઢચિરોલી
૨. મિઝોરમ યુનિવર્સિટી, આઈઝોલ
૩. એમ.એસ.યુ., વડોદરા
૪. બર્દવાન યુનિવર્સિટી, બર્ધમાન
૫. જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુર
૬. અલીપુરદ્વાર યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. લલિતનારાયણ મિથિલા યુનિવર્સિટી, બિહાર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)
૧. લોયોલા કોલેજ, ચેન્નાઈ
૨. નરસી મોંજી કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ, મુંબઈ
૩. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૪. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૫. ગલગોટીયાસ યુનિવર્સિટી, ગ્રેટર નોઈડા
૬. જયપુર નેશનલ યુનિવર્સિટી, જયપુર
૭. એમ.એસ. રામૈયા યુનિવર્સિટી ઓફ એપ્લાઈડ સાયન્સ (MSRUAS), બેંગ્લોર
૮. એથિરાજ કોલેજ ફોર વુમન, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**વિશાખા મુલ્યે,** આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ (એ.બી.સી.એલ.)ના મુખ્ય કાર્યકારી અધિકારી છે, જે આદિત્ય બિરલા જૂથની તમામ નાણાકીય સેવાઓની હોલ્ડિંગ કંપની છે. તે પહેલા, ૧૯૯૩થી તેઓ ICICI બેંકમાં હતા. તેણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.*

સ્રોત: https://www.jagrantv.com/en-show/aditya-birla-capital-appoints-vishakha-mulye-as-the-new-ceo-biography-awards-and-achievements-and-career-rc1030353

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.